બિન સરકારી પુર્વ પ્રાથમિક શાળાઓ
(બાલમંદિરો)ના કર્મચારીઓના પગાર-
ધોરણ સુધારવા અને નોકરીને રક્ષણ
આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-પપશ-૧૪૮૫-૭૦૧(૯૧)ન,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ. ૧/૪/૧૯૯૧.

વંચાણમાં લીધા:- ૧:- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા. ૫-૬-૭૮ના ઠરાવ ક્રમાંક-પીપીએસ-૧૦૭૦-૨૪૬૧૭-(૭૮)ક,
૨:- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની તા.૨૫-૩-૮૭ના પત્ર ક્રમાંક-પગમ-પી૨૦૧૬-૮૭-જ-૧૯૯૩૭.

બિન સરકારી પુર્વ પ્રાથમિક શાળાઓ (બાલમંદિરો)ના કર્મચારીઓના પગાર-ધોરણ માન્યતા, અનુદાન સ્ટાફ પેટર્ન વગેરે બાબતો માટે ઉપર આમુખમાં (૧) આગળ દર્શાવેલ વિભાગના તા. ૫-૬-૭૮ના ઠરાવથી જરુરી નિયમો નક્કી કરવામાં આવ્યા હતા. પુર્વ પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પગાર-ધોરણ ઉપરોકત ઠરાવથી નાચે પ્રમાણે નક્કી કરવામાં આવેલ હતા.

(૧) તાલીમી શિક્ષક રૂા. ૧૩૫-૨૫૦

(૨) બિન તાલીમી શિક્ષક રૂા. ૧૦૦-૧૫૦

આ ઉપરાંત તેડાગર માટે પણ ફીકસ પગાર રૂા.૧૫૦/નકકી કરવામાં આવેલ હતો. સંબંધિત મંડળો/સંઘો તથા પુર્વ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓ તરફથી તેઓને મળતા વેતનમાં છેલ્લા ઘણા સમયથી સુધારો કરવામાં આવેલ નથી અને અન્ય કર્મચારીઓના પગાર-ધોરણ સુધારેલા હોવાથી તેમને મળતા પગારમાં પણ સુધારો કરવો જોઈએ તેવી રજુઆતો કરવામાં આવેલ હતી. પુર્વ પ્રાથમિક શાળાઓ (બાલમંદિરો) સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી હોવાથી કર્મચારીઓની નોકરીની સલામતી અંગે પણ કોઈ નિયમો નકકી કરવા રજુઆતો કરવામાં આવેલહતી.

૨/.... ઉપરોકત રજુઆતો અંગે વિચારણા કરી અને પુર્વ પ્રાથમિક શાળાના શિક્ષકોની કામગીરી કક્ષાનું પુરતાં નક્કર હોવાની હકિકત ધ્યાનમાં લઈને રાજય સરકારે ઉપરોકત કર્મચારીઓનો હાલ જે પગાર-ધોરણ છે તેમાં સુધારો કરવા વિચારણા કરેલ હતી.

ઠરાવ :-

:::: ૨ ::::

ઠરાવ :-
---------

આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે કે :-

૧) આમુખ(૧) આગળ દર્શાવેલ વિભાગના તા. ૫-૬-૭૮ ના પ્રકરણ-૩ માં અનુચ્છેદ' માન્ય બાલમંદિરના સ્ટાફનું પગાર-ધોરણ' 'ને સુધારીને હવે નિચેનું પગારધોરણ ધ્યાનમાં લેવું.

(અ) તાલીમી શિક્ષક રૂા. ૭૫૦/ માસિક ( ઉચક)

(બ) બિન તાલીમી શિક્ષક રૂા.૬૦૦/ માસિક(ઉચક)

(ક) તેડાગર રૂા. ૩૦૦/ માસિક(ઉચક)

આનુષંગિક ફેરફાર તરીકે તા. ૫-૬-૭૮ ના ઉપરોક્ત ઠરાવના પ્રકરણ-૪ ના અનુચ્છેદ૫(ક) (ખ) અને(ક) માં પણ તેટલે અંશે સુધારો ગણવાનો રહેશે.

(૨) સરકાર પાસેથી અનુદાન મેળવતી તેમજ અનુદાન ન મેળવતાં પરંતુ સરકારની મંજુરી મેળવીને શરુ કરવામાં આવેલ સરકાર માન્ય બાલમંદિરોએ ઉપર(૧) માં જણાવ્યા પ્રમાણેનો પગાર ધોરણો જે તે કર્મચારીને ચુકવવાના રહેશે. આવી સંસ્થાઓએ નામેલ અને એકવર્ષની કે તેથી વધારે સેવા પુર્ણ કરેલ હોય તેવા અવેજી કર્મચારી સિવાયના કર્મચારીઓને સંસ્થા નિયામકશ્રી( પ્રાથમિક શિક્ષણની) પુર્વ મંજુરી મેળવ્યા સિવાય છુટા કરી શકાશે નહી આ અંગે જે તે કર્મચારીને સંસ્થાઓ જરુરી કારણો સહિત લેખિતમાં જાણ કરવાની રહેશે. અને ઉપર જણાવેલ શરતોનું પાલન કરવામાં સંસ્થા નિષ્ફળ જશે તો આવી સંસ્થાની માન્યતા રદ કેમ કરવી નહી તે અંગેની જરુરી નોટીસ આપીને માન્યતા રદ કરવાઅંગે અંગેની જરુરી કાર્યવાહી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ કરવાની રહેશે.

૨... આ હુકમોનો અમલ તા. ૧/૪/૯૧ થી કરવાનો રહેશે.

૩... સમાજ કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી બાલવાડીઓના કર્મચારીઓના પગાર સુધારણા અંગેના જરુરી હુકમો સમાજ કલ્યાણ વિભાગે અલગ રીતે કરવાના રહેશે.

૪... આ હુકમોથી વિભાગના તા. ૫/૬/૭૮ ના ઠરાવમાં કરવામાં આવેલ સુધારા સિવાયની તા. ૫/૬/૭૮ ના ઠરાવમાં કરવામાં આવેલ સુધારા સિવાયની તા. ૫/૬/૭૮ ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત અમલમાં રહેશે.

૫... આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક: ટીસીએમ-૧૪૮૫-૫૦૮૯૬-ન ઉપર નાણાં વિભાગની તા. ૧૪/૨/૯૧ ના નોંધમાં મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.એન. તડવી
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,
માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
માન. નાણાં મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
માન. સંસદિય સચિવશ્રી, (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર,
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
સર્વે શિક્ષણાધિકારીશ્રીઓ,
અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય, પુર્વ પ્રાથમિક શિક્ષણ પ.૨બાદ, ઢેબરભાઈ રોડ, રાજકોટ.

વાઘેલા/૪૮૯૨/ટા.શા./